તમાલા. પુષ્પ ૧ લું.

મસ્તીખોર માશૂક.



લેખક:

એસ. એમ. કાપડિયા.

મુંબઈ.

પ્રકાશક,

એસ. એમ. કાપડિયા,

મેનેજર વસન્ત એન્ડ કમ્પની.

પાર્વતી મેન્શન, ગ્રાન્ટરોડ,

મુંબઇ.



પટેલ ડાહ્યાભાઇ ...નરા ...

શ્રી 'પ્રજાહિતાર્થ મુદ્રાલય' ...પોળ—અમદાવાદ.

છાપી. ...

સને ૧૯૧૭. આવૃત્તિ ૧ લી.

પ્રત ૧૦૦

કિમ્મત રૂ. ...આના.

વ્યાપારી ભાઈઓને અમૂલ્ય તક !

જાહેરખબરના આ જમાનામાં દરેક વ્યાપારી પોતાના ધંધાની જાહેરખબર ફેલાવે છે, પણ તેમાં ચમકદાર ભાષા ન હોવાથી પ્રજામાં જોઈતી અસર થતી નથી. માટે,

જો તમારે થોડા સમયમાં તમારા ધંધાને બહોળી જાહેરાત આપવી હોય, જાહેરખબરની ભાષા ચમકદાર અને રસવતી બનાવવી હોય, તમારા ધંધાને ઉપયોગી રસીલી ગઝલો, કવ્વાલીઓ, વાર્તાઓ, વિગેરે લખાવી, પ્રજામાં માનીતા થઈ

હજારો રૂપીયા કમાવા હોય તો

તમારી જાહેરખબર અમારી પાસે લખાવો. તમને જરૂર ફાયદો થશે. ભાવ દરેકને માફક આવે એવા:

... સુંદરી ... તુર...

મૂકી, ...

અલૌકિક ... મધુકર ઍન્ડ ...

આસપ...ની જડ વસ્તુને પણ ચેતન ... અનન્તવાડી, ...

* હું તો પ્રેમની જોગણ પિયુને ... પોસ્ટ નંબર ...
પણ ગવાશે.

ॐ

મસ્તીખોર માશૂક.

પ્રકરણ ૧ લું.

મદમસ્ત લલના.

જીવન આખું સમર્પું પ્રેમને માટે હું વ્હાલા !
જગાવું જંગલે જંગલ પ્રીતિની ધૂન, વ્હાલા !
મીઠા એ સ્નેહને માટે બધું કુરબાન, વ્હાલા !
જગતમાં જીવવું બસ એક પ્રેમને માટ, વ્હાલા !

પ્રશાન્ત નીલાકાશમાં પુર્ણિમાનો ચન્દ્ર ખીલી રહ્યો છે. શિતલ ધવલ ચન્દ્રિકા પૃથ્વીપર અમી રેડી રહી છે. મન્દ મન્દ સમીર લહરીઓ પ્રેમી યુગ્મોના હૃદયમાં સ્નિગ્ધ શાન્તિ રેડે છે.

ચન્દની રાત એ પ્રેમીઓનું સ્વર્ગ છે. જીવનની મોંઘી લ્હાણુ છે. ચન્દની રાતની લહેર પ્રેમીઓને મન અમૂલ્ય છે. એ રાતે પૃથ્વી-પર અમીધારા વરસે છે. સૃષ્ટિ સ્વર્ગ બન છે અને નવજીવનમાં પ્રવેશતા નવદમ્પતિઓને મન આ દુનિયામાં પ્રેમ–પ્રેમ થઇ રહ્યું છે ! સ્નેહની મીઠી મીઠી લ્હાણુ લેવી અને દેવી એ સિવાય આ જગતમાં બીજું કંઇ કર્ત્તવ્ય છેજ નહિ એમ લાગે છે. પ[illegible] ગાય અને પતિ સાંભળે. એકએકના દીલની ગુંચો ઉકેલે. [illegible] [illegible]કના હૃદયમાં ગમાય. અધરરસ પીએ અને પાય. અહા[illegible] [illegible] દુનિયાની એ [illegible]ગેરી લ્હાણુ છે જીવનનો એ અમૂલ્ય[illegible] [illegible]ની એ[illegible]

ચોપાટીના દરિયા કિનારાપ[illegible] [illegible]ના સુવાળા જો !
છે. આ બંગલાને લોકો "મું[illegible] [illegible]ા કોઇ વાપરનાર જો !
આસપાસ એક ન્હાનો [illegible] [illegible] સ્વામી ગયો પરદેશ જો !
હોજ અને હોજમાં [illegible] [illegible]. જ્યાં રસિકતા નવ લેશ જો !

ભાન થતું નથી; કા[illegible] [illegible]મા તણાતી લલનાએ આ ધ્યાનપૂર્વક સાંભળ્યું. [illegible]મિશ્રીત વાયુલહ[illegible] [illegible] સીટીઓ ઉલટાવી ઉલટાવી લલકારી. "યૌવન

"કુમુદ વીલા" ને એક વિશાલ અગાસી છે. આ અગાસીપર શ્વેત ચન્દ્રિકા પથરાવાથી તે અજબ રીતે સુન્દર બની છે. તેની સુન્દરતામાં ઔર વધારો કરનારી એક અઢારેક વર્ષની યૌવન મસ્ત યુવતી એક સુન્દર ચટાઇપર બેસી દિલરૂબાના તારોપર પોતાની કોમલ આંગળીઓ છટાથી ફેરવી રહી છે. ચન્દ્રની રાત, શાન્ત સ્થલ, કિન્નરકંઠી યુવતીનું વીણારવમિશ્રીત ગાયન; પછી પૂછવુંજ શું ? ઇન્દ્રની 'અપસરાનું' ગાન આ યુવતીના સંગિત આગળ તૃણવત્ લાગતું.

યુવતી ધીમા પણ મધુર અવાજે ગાતી હતી.

ગઝલ.

જગતને સ્વર્ગમાં પલટે, દુઃખો દરિયા મહિં નાખે,
દીએ સુખ શાન્તિ જે નિત્યે, પિયુ ! એ ચીજ તે શું છે ?
કહો કામણભર્યું જાદુ પ્રિયતમ ! જગ્તમાં કયાં છે ?
કે જેથી માનવી શાન્તિ અને સુખો મહીં લોટે.
બધા ઉસ્તાદ દુનિયાના અને સૌ તત્ત્વવેત્તાઓ.
ભલે માને ગમે તે પણ, ખરૂં છે સુખ પ્રીતિમાં.
ફકત બેઅક્ષરી એ શબ્દમાં કો દિવ્ય જાદુ છે,
અહા ! બસ પ્રેમ, હારા વિણ દુનિયા ખારી ખાટી છે !
પિયુ–પ્રિતમ–મીઠા–વ્હાલા તણા દીલમાં શમાઉં ને
જીવનની લ્હાણુ મોંઘી લઉં–દઉં એ સ્વર્ગ મ્હારૂં છે. *

સમય [illegible]ાન્ત હતો. વાતાવરણમાં યુવતીના મધુર સંગિતથી અમીરસનાં [illegible] ઝરણાં વહી રહ્યાં. ચન્દ્ર પણ જાણે મદમસ્ત લલનાના સ[illegible]એ [illegible] ભૂલી ગયો હોય તેમ સ્થિર ઉભો હતો. વાયુ પણ યુવ[illegible]ખર, [illegible] સુન્ગીતની લહેરમાં વૃક્ષવલ્લરીઓને ચમકાવ[illegible] [illegible]ી ગ[illegible] મૂકી, [illegible]ની પરી જેવી–ઇન્દ્રની અપસરા જે[illegible] [illegible] અલૌકિક મી[illegible]લાથી તે વગાડી રહી હતી. એ[illegible] આસપ[illegible]ની જડ વસ્તુને પણ ચેતન[illegible] હતી. એ મીઠાશ એવી

---

* હું તો પ્રેમની જોગણ પિયુને [illegible] ચાલી" એ રાગમાં પણ ગવાશે.

ગાયન પૂરું થયું અને યુવતીએ દિલરૂબા બાજુમાં મૂક્યું. ઉપર દૃષ્ટિ જતાંજ ચન્દ્ર શરમાયો અને વાદળીનો આશરો લઇ પોતાનું મ્હો છૂપાવવા લાગ્યો. યુવતી ઉભી થઇ, અગાસીના કઠેરા આગળ આવી અને આસપાસ નજર ફેંકવા લાગી. સ્હામે સમુદ્ર ઉછાળા મારી રહ્યો હતો. મોજાંઓ ઘુઘવાટ કરતા હતા અને કુદરતનું કંઇ માર્મિક ગાન ગાતાં હતાં. કિનારાપર કોઇ મુસલમાનનો છોકરો કવ્વાલી લલકારી રહ્યો હતો, અને "સીના...સે લગા લઉં, ચા હે બોલો યા ન બોલો" માં "કુલ્ફી મલાઇ" નો કઠોર અવાજ ભળતો હતો. બગીચામાંના પુષ્પોની મધુર સુગંધ યુવતીને માટે ખાસ કાળજી રાખી પવન ઘસડી લાવતો અને છતાં યુવતી કોઇની દરકાર કર્યા વિના કામણગારા ઓષ્ઠોપર દુર્જય સ્મિત ફરકાવી આમતેમ સ્નેહાળ નજર ફેરવી રહી હતી.

યુવતીએ અત્યારે ઝીકની ટીલીવાળી સફેદ રેશમી સાડી પહેરી હતી. ચન્દ્રિકામાં એની સાડી ઝગારા મારી એના સંયમચલિત સૌન્દર્યમાં અભિવૃદ્ધિ કરતી હતી. યુવતીનું વદન ગૌર અને ભરાઉ હતું. ભરાઉ ગાલ ઊપર યુવાનીની મૃદુ-કુંળી-તાજી સુરખી હતી. કાળી-મ્હોટી આંખોમાં જાદુઇ કામણ હતું. પવનના સપાટાએ એના માથાપરનો સાડીનો છેડો ખસેડી નાખ્યો અને ાળા, લાંબા વાળનો ભરાઉ અંબોડો ખુલ્લો થતાં એનું સૌન્દર્ય ગજબ કરી રહ્યું.

યુવતી આમતેમ જોતી હતી એટલામાં પાસેના બંગલામાં કોઇ હારમોનિયમપર ગાતું હોય એવો અવાજ આવ્યો.

સુન્દર-નવલ-ઉદ્યાનમાં નવ કુસુમકલિઓ [illegible] ખીલતી;
સૌન્દર્ય ને સૌગન્ધથી કંઈ કંઇ જનો [illegible] રીઝવતી;
એ નવલ, મધુરી, રસભરી કલિ [illegible] વિરહથી;
કરમા[illegible] જતી, મુઝાઇ જતી, [illegible] ની એ જિંદગી ?
પુષ્પો [illegible] બહુ કુંજમ[illegible] ની સુવાસ જો !
અઢળક ભરે [illegible] લક્ષ્મી [illegible] કોઇ વાપરનાર જો !
યૌવન ખીલ્યું [illegible] સ્વામી ગયો પરદેશ જો !
શા કામનું [illegible] જ્યાં રસિકતા નવ લેશ જો !

યુવાનીન[illegible]મા તણાતી લલનાએ આ ધ્યાનપૂર્વક સાંભળ્યું. ગાનારે છેલ્લી [illegible] લીટીઓ ઉલટાવી ઉલટાવી લલકારી. "યૌવન

ખીલ્યું યુવતી તણું, સ્વામી ગયો પરદેશ જો !" સાંભળી યુવતીએ દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો અને એ કંઇ ઊંડા વિચારમાં લીન થઇ ગઇ.

પ્રકરણ ૨ જું.

પ્રેમનો ચમકારો.

યુવતીનું નામ રમા હતું. રમા એ "કુમુદ વીલા"નું બુલબુલ હતું. એને મેળવવાને ભલભલા શ્રીમન્ત યુવાનોમાં સ્પર્ધા ચાલી રહી હતી. રમાના પિતા નવનીતલાલ જ્યારે એને પોતાની સાથે કોઇ પાર્ટીમાં કે સભામાં લઇ જતા ત્યારે રમા સાથ વાત કરવા એક મોટી ફોજ તૂટી પડતી! રમાની આંખોનું નૃત્ય ગાર્ડનપાર્ટી ને ડીનરપાર્ટી—એટહોમ ને ટી-પાર્ટીમાં ગજબ વરસાવતું. રમા પોતે પણ ન્હોતી જાણતી કે તેનામાં શું ભર્યું છે! એના પિતા સ્ત્રી સ્વાતંત્ર્યના પૂર્ણ ભકત હતા. સ્ત્રી પુરૂષોને સમાન હક્ક છે, લલનાઓ ચુંલાની ચાકરડી નહિ પણ જીવનની માર્ગદર્શક સલાહકાર છે. આ-રણા પાછળની સાવરણી નહિ પણ જીવનને પ્રોત્સાહન આપનાર દેવી છે, એવું નવનીતલાલ માનતા. એમની પત્નિ કુમુદસુન્દરીને એ સત્ય પ્રેમથી ચાહતા અને પોતે બે ચાર લાખના માલિક હોવા છતાં પત્નિની માંદગી વેળા, તેની સેવાચાકરીમાં ખડ પગે મંડ્યા રહ્યા હતા. સ્નેહ એટલે શારિરિક વિલાસ નહિ પણ કોઇ સ્વર્ગિય-દૈવી ભાવના એવી નવનીતલાલની માન્યતા હતી. એ આદર્શ સુધારક હતા. સ્ત્રીઓ ભલે સમાજમાં ફરે, ભાષણો આપે તથા બીજાં સંસાર સુધારાના કામો કરેઃ પણ તે સાથેજ તેમની સ્વાભાવિક નમ્રતા, સ્નેહાળતા અને મધુરતાનો વિકાસ પણ થવોજ જોઇએ. જીવનને સ્વર્ગીય બનાવવા માટે એક પ્રેમાળ વ્હાલી સિવાય કોઇ સમર્થ નથી. જો પતિ પત્નિનો પ્રેમ વિશુદ્ધ અને સત્ય થાય તોજ મનુષ્ય જીવનની ભૂમિકા દેવી પ્રકાશ પામી શકે.

દૈવયોગે કુમુદસુન્દરી માંદી હતી [illegible] પડી અને

રમાના જન્મ પછી એનું શરીર દિનપ્રતિદિન ક્ષીણુ થવા લાગ્યું. અન્તે એ રોગ કાતિલ નીવડયો અને રમા અઢી વર્ષની થતાં કુમુદ સુન્દરીએ દેહ ત્યાગ કર્યો. પત્નિના મરણ પાછળ નવનીતલાલે અનહદ વિલાપ કર્યો. આખા જગતમાં એમને અંધકાર જણાયો. રમાને જોતો–રમાને રમાડતો અને એને વ્હાલસોઇ કુન્દનું સ્મરણ થતું. ઘડીઘડી રમા "મારી બા કયાં ગઇ ?" એમ પૂછતી અને તે સમયે નવનીતલાલના હૃદયની સ્થિતિ અસહ્ય થઇ પડતી. એ શ્રીમન્ત હતો, એટલે હિન્દુ સંસારના દુષ્ટ રિવાજને અધિન થયેલા કેટલાક અર્થલોભી માબાપો તો કુમુદના અવસાનનીજ રાહ જોઇ રહ્યા હતા ! અને બિચારી કુમુદનું શબ હજુ ચિતામાં ભડભડ બળતું હતું તેટલામાંજ એક નફટ બાપે પોતાની પુત્રી નવનીતલાલને આપવાની વાત છેડી, નવનીતલાલનો મીજાજ ગયો અને સ્મશાનમાં પેલાની એવી ખબર લીધી કે તેને ભોંય ભારી પડી ગઇ !

"જહન્નમમાં નાંખો તમારી છોકરીને ? મારી પત્નિનું શબ હજુ બળી રહ્યું નથી તેટલાં આવી નિર્લજ વાત કરતાં તમને શરમ નથી આવતી ? ધૂળ પડો તમારા અવતારપર !--" કહી નવનીતલાલે તેનો તિરસ્કાર કર્યો; અને "અહોહો ! એનો રૂઆબ તો જુઓ ! હું જોઉં છું હવે કોણ ડહામ દે છે તે !" કહી ચાલતો થયો.

નવનીતલાલ દૃઢ હૃદયના આદર્શ વીર હતા. એમણે પત્નિના મૃત્યુ પછી બીજી પત્નિ ન કરવાના કસમ લીધા અને જીવનભર એક પત્નિવ્રત પાળવાનું પણ લીધું. રમા એમના જીવનની આશા હતી. રમાજ એમનું આશ્વાસન અને પ્રોત્સાહન હતી. રમાને રમાડવી, રમાના ન્હાના ન્હાના કોડ પૂરા પાડવા, એને આનન્દમાં રાખવી, રમાને કુમુદનું સ્મરણ ન થવા દેવું—એ હવે એમનું હંમેશનું કામ થઇ પડયું. રમા મ્હોટી થતી ગઇ, બાળા મટી જતી થઇ, ભણી, બાલા મટી મુગ્ધા અને મુગ્ધા મટી યુવતી થઇ. હમણાં એનું વય અઢાર વર્ષનું હતું. મુંબઇની સોસાયટીમાં રમાનું નામ સુવિખ્યાત હતું. એનો બુલબુલી કંઠ, એનું સ્વર્ગીય સ્વરૂપ, એના વિનયી પણ છટાદાર ડ્રેસની ખુબીના જ્યાં ત્યાં વખાણ થતાં. એ જે ઘરેણું પહેરે તે પહેરવા, એ જે રંગની સાડી લાવે તે લાવવા,

એ જે ફૅશનના વાળ ઓળે તે ફૅશનમાં પોતાના વાળ ગોઠવવા મુંબઇની યુવતીઓમાં હરિફાઈ થતી. એ જ્યારે મેળાવડામાં જતી ત્યારે એનું ગાયન સાંભળવા સઘળા ઉત્સુક રહેતા. એના વિનાની સોસાઇટીજ નકામી, મેળાવડો રસ વિનાનો, પાર્ટી સૂકી અને નકામી એવું મનાતું. જ્યાં રમા જાય ત્યાં બધા જાય. જ્યાં રમા નહિ ત્યાં કોઇ નહિ !

રમા સ્વતંત્ર વાતાવરણમાં ઉછરી હતી. સ્વતંત્રતાની ભક્ત હતી છતાં એનામાં સ્વચ્છંદતા ન્હોતી. અઢાર વર્ષનું વય થવા છતાં અને અલબેલા યૌવનની મધુર બંસરીના નાદથી વિંધાયા છતાં એ પવિત્ર હતી. એની માન્યતા એવી હતી કે, પ્રેમલગ્ન કરવા. યુરોપીઅનોની કોર્ટશીપની રીતિ એને પસંદ ન્હોતી, પારસીઓના લવ મેરેજની પણ વિરૂદ્ધ હતી. એની માન્યતા કંઇ ઓરજ હતી. એ માનતી કે, હાલમાં જેવા સ્નેહલગ્ન થાય છે તે વાસ્તવિક રીતે સ્નેહલગ્ન નથી પણ એક જાતની પ્રેમની મશ્કરી છે. બહારની ટાપટીપ, સદગુણ કરતાં સૌન્દર્ય તરફ વિશેષ કાળજી, પરણ્યા પછી પતિપત્નિ વચ્ચેના કલહથી એ કંટાળી હતી. એ સૌન્દર્યને ચાહતી હતી. પોતે સૌન્દર્યવતી છે તેથી મલકાતી; પણ એનામાં સૌન્દર્ય અને સદ્દગુણનું મધુર મીલન હતું. એને એવો પતિ જોઇતો હતો કે, જે કૉન્ગ્રેસના પ્લૅટફૉર્મ ગજાવે, સંસારસુધારા પરિષદ્દમાં ભાગ લે, દેશની સામાજિક, આર્થિક, રાજકિય પ્રગતિમાં રસ લે, અને ઘરમાં આવી મીઠા શાન્તિનિકેતનમાં સ્નેહ જીવનની મીઠાશનો લ્હાવો ચખાડે ! રમાના વિચારો આદર્શ હતા. પોતે [illegible]ને પડખે રહી, સમાજસેવા—દેશસેવા કરે, પતિના કાર્યમાં બન[illegible] સહાય કરે અને પતિની સાથ ચન્દનીમાં બેસી, દીલરૂબા વગાડે, [illegible]પીની, સાગરની ગઝલો ગાય. “તું મુજ સુન્દર ગીતડું હું તારૂં છું પતિ” લલકારે. પતિને રામિયો બનાવી પોતે જ્યુલિએટ થાય. અથવા [illegible]લીમજનુનો અનુભવ લે, એવું એને બહુ ગમતું. સભામાં—પાર્ટીમાં એ અનેક યુવાનો સાથ વાત કરતી; પણ કોઇના તરફ એને ભાવ થતો ન્હોતો અને હજુ સૂધી એ કુમારીજ રહી હતી.

એ વણિક હતી. આખી નાતમાં રમાની ચર્ચા ચાલી રહી “આવડી મ્હોટી છોકરી, બાપને ઘેર શોભે ? હાય ! હાય ! હવે તો

ખરેખરો કળિયુગ આવ્યો" એવી એવી વાતો થતી. લોકો ગમે તેમ બોલતા અને એક બેવાર પરોક્ષ રીતે એ વાત નવનીતલાલને કાને પણ આવી હતી પણ પુત્રીના ઉચ્ચ વિચાર જાણનાર પિતાએ તેની દરકાર કરી નહિ અને રમા તેથી આનન્દ પામી.

ચન્દની રાતમાં "કુમુદવીલા" ની અગાસીપર રમા દિલરૂબા વગાડી આનન્દ મેળવતી. એના આનન્દમાં નિર્દોષ માધુર્ય હતું. એનું હૃદય સ્વચ્છ, નિર્મલ, સ્નેહાળ હતું. ખરેખર રમા સ્વર્ગની દેવી હતી!

"પ્રભુ!' રમા વિનિત સ્વરે બોલી.

"મ્હારૂં શું થશે? મ્હારી આશા શું પાર પડશે? અહા! મ્હારૂં એ મધુર સ્વપ્ન હું કયારે ખરૂં પડેલું જોઇશ?—"પુનઃ એક ગાઢ નિઃશ્વાસ રમાએ નાખ્યો. અગાસીના કઠેરા આગળ ઉભી ઉભી એ ચોપાટીના આખા કિનારાપર નજર ફેંકતી હતી. લગભગ સાડા અગિયાર—બાર વાગવાનો અમલ થયો હતો અને કિનારો નિર્જન થતો હતો. એવી વેળાએ કોઇ હિન્દુ સ્ત્રી એકલી ફુટપાથ પરથી પસાર થતી રમાની નજરે પડી. આટલી મોડી રાતે એ રસ્તે કોઇ ભિખારણ પણ રમાએ કોઇ દિવસ ન્હોતી જોઈ. યુવતી અજબ થઇ. આટલી રાતે, એકલી, યુવાન સ્ત્રી કયાં જતી હશે, એવી એને શંકા થઇ અને એ પોતાના નોકરને સાથે લઇ તરત બંગલાની બહાર નીકળી. પેલી સ્ત્રીનું રમા તરફ બિલકૂલ ધ્યાનજ ન્હોતું તે નીચું જોઇ, ત્વરિત વેગે આગળ વધતી હતી. વાલકેશ્વર જવાના એકાન્ત રસ્તાપર આવી. સમુદ્રની પાજે પાજે ચાલવા લાગી અને એક એકાન્ત જગ્યાએ ઉભી રહી. રમા તે[illegible] પાછળ થોડેક દૂર હતી. પેલી સ્ત્રી પાળપર ચ્હડી. ભરતી[illegible]ય હોવાથી સમુદ્ર ઉછાળા મારી રહ્યો હતો. રમા પેલી [illegible]નો મનોભાવ સમજી ગઇ અને તુરત તેની પાસે દોડી [illegible] પણ અફસોસ! રમા એક પળ મોડી આવી હતી! પેલી સ્ત્રીએ ઝંપાપાત કરી દીધો. છેલ્લી પળે "હાય! મુઇ હું વિધવા—" એમ બોલી રમાએ લ્લા શબ્દો સાંભળ્યા "હાય! મુઇ હું વિધવા!" એ શબ્દોએ રમાના હૃદયને ચીરી નાખ્યું. "મ્હારી વિધવા બહેનોની આ સ્થિતિ! આ દશા!" એમ થયું. દરિયામાં પડેલી સ્ત્રી હવે પાણીમાં વલખાં મા-

રતી હતી. પત્થર સાથ અફળાતી હતી. રમાએ નોકરને બૂમ મારી.

" મુઆ! જુએ છે શું? એને બચાવ."

નોકર—રામો બિચારો આભોજ બની ગયો. તેની હિમ્મત ચાલી નહિ. પણ એટલામાં એક યુવાન એક સફેદ પહેરણ અને ધોતરભર દોડતો આવ્યો અને તુરત દરિયામાં પડ્યો. મહા મહેનતે પાંચેક મિનિટમાં ડુબનારીનો ચોટલો પકડી ઉપર આવ્યો. રમાના નોકરે તેને મદદ કરી અને બેભાન સ્ત્રીને ઉંચકી લેતાં યુવાન બહાર આવ્યો.

રમાએ હવે યુવાનનું મુખ બરાબર જોયું. જોતાંજ તેણે તેને ઓળખ્યો. તે તેનો કૉલેજફ્રેન્ડ રમણિક હતો.

" મી૦ રમણિક!"

" મિસ રમા!"

બન્ને બોલ્યાં અને ન બોલ્યાં. પાછાં મૂગાં થઇ ગયાં. મિ૦ રમણિક, મિસ રમા એ બે શબ્દો કોઈ પૂતળાં બોલ્યું હોય એવુ થઇ ગયું!

અન્તે યુવાને મૌન ભંગ કર્યું.

" મિસ રમા! તમે અત્યારે, અહિંયાં?"

" હા. આ બિચારીને જોઇ મને શંકા થઈ અને હું નોકરને લઇ પાછળ આવી. એ કોઇ વિધવા છે."

રમણિક સાંભળી રહ્યો. રમાના દયાળુ હૃદય માટે એને માન ઉપજ્યું. " તમારૂં વીરત્વ જોઇ હું બહુ ખુશી થઈ છું, મિ૦ રમણિકલાલ, હવે આ સ્ત્રીની આપણે સારવાર કરવી જોઇએ"

" હા. તમે નાહક મહેનત ન લેશો. હું એને મ્હારા બંગલામાં લઇ જઇશ"

" ના, [illegible] નોકર લઇ આવશે."

યુવાને યુવતિની દરખાસ્ત મંજુર કરી અને રામાએ પેલી બેભાન સ્ત્રીને ઊંચકી લીધી. રમા અને રમણિક વાતો કરતાં પાછળ રહ્યાં.

" મિસ રમા! આપણી દુઃખી વિધવા બહેનો, આમ ઝંપાપાત કરી, જીવનનો અન્ત લાવે એ કેવું શોકજનક?"

" હા. પણ એનો ઉપાય શું? આપણી સમાજને હજુ કાન નથી. હૃદય નથી. આંખ નથી. પછી આપણે શું કરીએ?"

" તમે કંઇ ન કરી શકો ? "

" હું શું કરી શકું એકલી ? "

'એકલી' શબ્દ બોલતાં રમા શરમાઇ.

" તમે કહો તો હું તમને બનતો સહાય કરીશ. "

' તમારો આભાર પણ—"

" પણ શું મિસ રમા? '

" તમારા આજના શૂરાતન અને આત્મભોગ માટે હું તમને ફરીથી અભિનંદન આપું છું. "

" આભાર તમારો ! "

રમણિક હસ્યો. રમા પણ હસી. રમણિકનો બંગલો આવ્યો. નોકર પેલી બેભાન સ્ત્રીને લઇ ઉભો રહ્યો. રમણિક તેને એક ઓરડામાં લઇ ગયો અને પેલી સ્ત્રીને એક પલંગપર સૂવાડી ઘટતા ઉપાય કરવા માંડયા.

રમા રમણિકની રજા લઇ ઘેર આવી. આવતી વખતે એણે રમણિક સાથ વ્હાલથી શેકહેન્ડ કરી. રમાનો સ્પર્શ થતાં રમણિકના હૃદયતારાપર ઝણઝણાટ થયો અને રમા પણ સમજી કે, તેનું હૃદય પણ તોફાની બનવા મંડયું છે !

પ્રકરણ ૩ જું.

વિધવાની કર્મકથા.!

રમણિકે પેલી અભાગી બાઇની સારવાર માટે તુરતજ ચાંપતાં ઇલાજ લીધા. ડૉકટરને પણ બોલાવ્યો અને બાઇ થોડીક વારમાં સાવધ થઇ.

"હા ! હાય ! મુઇ હું અભાગણી ! અને ! મને મરવા દો. ભાઇ, મારા જીવવાથી જગતને–સમાજને લાભ નથી. મને મરવા દો. મારૂં મૃત્યુજ સુખકર છે. " તે બબડી. તેના શબ્દોમાં ગંભીરતા અને કરૂણભાવ હતાં. યુવકનું હૃદય પીગળ્યું. તેને કંઇ કંઇ થઇ ગયું. હિન્દુસમાજમાં વિધવાઓની દયાજનક સ્થિતિની વાત તેણે સાંભળી હતી. આજે નજરે જોઇ. આવી કેટલી કુસુમ કળિઓ સમાજના પ્રચંડ પ્રહારથી કચડાઇ જતી હશે તેનો વિચાર કરવા કમકમ્યો.

"બ્હેન ! તમે ચિન્તા ન કરો. હવે તમે નિર્ભય છો."

યુવાનના બોલોમાં પ્રેમાળ ભાવ હતો. વિધવા કંઇક શાન્ત થઇ બોલી.

"ભાઇ, તમે મારે માટે—આ અભાગણી માટે શા માટે દુઃખી થાઓ છો ?

"એમ ન બોલો. હું તમારો ભાઇ છું અને રહીશ."

વિધવા સમજી કે તેની સ્હામે કોઇ દૈવી યુવાન ઉભો છે. "તમે સૂઇ જાવ ભાઇ ! હું મ્હારી કથા તમને સ્હવારે કહીશ"

યુવાન પોતાના ઓરડામાં ગયો. તેના મગજમાંથી અત્યારે અનેક વિચાર પસાર થઇ જતા હતા. પ્રથમ તો રમાને જોઇ આજે એ ચમકયો હતો. એને આજે રમા હમ્મેશના કરતાં વધુ સૌન્દર્યવતી જણાઇ હતી. રમાનું સૌન્દર્ય આજે પહેલીવારજ એને આકર્ષી શકયું. આટલી મોડી રાતે એક દુઃખી બ્હેનને સહાય કરવા માટે એકલા આવવાની રમાની હિમ્મત માટે રમણિકના હૃદયમાં માન ઉપજ્યું અને એવી સ્ત્રીઓ જો હિન્દુ સમાજમાં હોય તો હિન્દુસ્થાનમાં ભિષ્મ અને રામ, લિન્કન ને વૉશિંગ્ટન જન્મ લે એમ થયું. સાથે સાથેજ ગરિબડી વિધવાની સ્થિતિ યાદ આવી. વિધવા ગર્ભવતી હતી એ યુવાન કયારનો સમજી ગયો હતો. આવી વિધવાઓ હૃદયની તરલતાને લીધે યુવાનીના આવેશમાં વિકારવશ થાય અને આપઘાત કરી માર્ગે લાગે, એ બનાવ કૉલેજમાં અભ્યાસ કરતા યુવાનને ઘાતકી લાગ્યો. કીડી અને કૂતરાને બચાવવા માટે લાખો રૂપિયાનો ભોગ આપનારા દયાળુ હિન્દુઓની યુવાન કન્યાઓની આવી દશા માટે ઉછરતા યુવાનને પારાવાર શોક થયો.

વળી વિચારનો પ્રવાહ બદલાયો. આજે રમા કેટલી સુન્દર દેખાતી હતી ! એના ગૌર વદનપર ચન્દ્રિકાના દિવ્ય તેજમાં દ્રઢતા છવાયેલી હું જોઇ શકયો ! એ પ્રેમાલ—કેટલી દયાળુ અને હિમ્મતવાળી છે ! મને અભિનન્દન આપતી વેળા એનું હૃદય કેમ ઉછળતું હતું ! એની આંખોમાં ચમકારો થતો મેં જોયો હતો ! એનું હૃદય તોફાની થયું હતું ! મને શેકહૅન્ડ કરતાં પણ એના હાથો ધ્રુજતા હતા એ બધું શાને લીધે થયું હશે ? કંઇ સમજ પડતી નથી.

યુવાન આવા વિચારમાં હતો એટલે નિદ્રાદેવીએ તેની સાથ ન બોલવાની હઠ કરી. વિગ્રહ સળગ્યો અને ગમે તેવી સરતો મંજુર કરવા છતાં પણ નિદ્રાદેવીએ યુવાન સાથ સલાહ ન કરી ! બિચારાએ આખી રાત નિદ્રા વગર પસાર કરી.

૭ વાગ્યા અને તે બહાર નીકળ્યો, વિધવા જાગી હતો. દાતણુ કરી ચ્હા પી બન્ને એક ઓરડામાં બેઠાં.

"બ્હેન ! તમારૂં નામ !"

"મારૂં નામ તારા !"

"તારા બ્હેન ! આપઘાત કરી જીવનનો અન્ત લાવવાનું કારણ ?"

તારાએ નીચું જોયું. આંખમાં ઝળઝળીયાં આવ્યા, તે શરમાઇ અને એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો.

"તમે વિધવા છો ?"

"હા."

"તમારા માબાપ નથી ?"

"છે ? અને તેઓજ મને મરેલી જોવા માગે છે. ભાઇ, તમે મને શા માટે નાહક બચાવી ?"

"એમ ન બોલો બહેન ! તમે સમાજને મન નિરૂપયોગી છો એમ ભલે બીજા માને, પણ હું એ માનતો નથી."

"મારે લીધે તમે નિર્દોષ કલંકિત થશો."

"મને કોઇની પરવા નથી. પણ તમે હવે તમારૂં વૃતાંત કહેશો ?"

"હા, હું જાતે વણિક છું. આજે મ્હારૂં વય અઢાર વર્ષનું છે. અમારી જ્ઞાતિમાં સાત તડ છે અને એ તડોમાં અમારૂં તડ સૌથી ન્હાનું છે. ન્હાના તડમાં હું સૌથી વધુ સુન્દર ગણાતી. મારી સુન્દરતા ઘણાની આંખમાં ખુંચી હતી અને મ્હારા માતા પિતા પણ એ સુન્દરતામાં મ્હોટી આશા બાંધી બેઠા હતા. એ આશામાં મને સોળ વર્ષની કરી અને સોળમે વરસે મને ૬૭ વર્ષના પતિ

ને ૪૦૦૦ રૂપિયાની કિમ્મતે વેચી: ભાઈ, મને મારા સગા મા બાપ તરફ તિરસ્કાર આવે છે. મારૂં હૃદય ઉશ્કેરાઇ જાય છે. મને જીવતી મારી નાંખી. મને કુવામાં ઉતારી. આનું નામ ગુલામગીરી કે બીજું કંઈ ! નીચમાં નીચ જાતની ગુલામગીરી જો દુનિયામાં કોઇ હોય તો તે આજ છે ! હિન્દુઓ કદિ પણ સુખી થવાના નથી. કારણ તેઓ જીવતી સ્ત્રીઓને ભડભડતી ચીતામાં બાળી મૂકે છે ! પતિ સ્મશાનમાં બળે ને ઘરમાં સોળ વર્ષની પત્નિ છેડા વાળી રૂએ ! હું સોળમે વર્ષે પરણી, ને મ્હારા પતિ પરણ્યા પછી બીજે મહિને વૃદ્ધાવસ્થાને લીધે સ્વધામ ગયા. હું રંડાઇ એટલે વિધવા થઇ. વિધવા એટલે કાળા મ્હોની, અપશુકનની, નઠારી થઇ. મારાથી કોઈ સાથ વાત થાય નહિ, બહાર જવાય નહિ, મારાથી સારાં વસ્ત્રાલંકાર પહેરાય નહિ, અને પહેરૂં તો છકી ગયેલી, વહી ગયેલી મનાઉં ! પતિને નીચોવવામાં મારા પિતાએ બાકી રાખી ન્હોતી. મને પરણવામાં મારા પતિએ પોતાની તિજોરી ખાલી કરી મૂકી હતી. જે જરાતરા બાકી હતું તે લઈ હું પિતાને ત્યાં ગઇ.

ભાઇ ભાભીની ગાળો સહન કરી, બે ચાર મહિના થયા અને મારી સ્થિતિ દયાજનક થઇ પડી. મને ખવડાવવું એ જાણે એક જાતની વેઠ હોય, મારૂં જીવન જાણે ભારરૂપ હોય એવું વર્તન મારી સાથ મારા ભાઇભાભી ચલાવવા લાગ્યાં. એ અરસામાં મ્હારા ભાઇનો એક મિત્ર અમારે ત્યાં આવતો. તે જબરો દાંભિક હતો. તેણે મીઠી મીઠી વાતોથી મને આકર્ષી મારી સાથ પુનર્લગ્ન કરવાની મને આશા આપી અને હું ભ્રષ્ટ થઇ......મેં એને ઘણીવાર પુનર્લગ્ન કરવા સમજાવ્યો. પણ મ્હારૂં સાંભળે કોણ ? હું એના હાથમાં એક ગુલામડી જેવી થઈ પડી. મારી દાદ લેનાર કોઇ રહ્યું નહિ. મ્હારી સ્થિતિ ગમ્ભીર થઇ અને પ્રભુ સિવાય મને કોઇ બચાવનાર રહ્યું નહિ. પાપ ક્યાં સુધી છુપું રહે ? ભાભીએ રજનું ગજ કર્યું. હું વગોવાઈ. માતાપિતા મને ઝેર આપવા તૈયાર થયાં. ભાઇએ માર માર્યો. ઘરમાંથી કાળું કર કહ્યું. બે દિવસ ભૂખી રાખી. અને ત્રાસ, જૂલમ, શરમથી હું આખરે લાચાર થઇ આપઘાત કરવા તૈયાર થઇ. ભાઇ, મારા જેવી દુઃખી, મારા જેવી અભાગણી આ દુનિયામાં ઘણી ઓછી હશે.” કહી વિધવા ધ્રુસકેધ્રુસકે રડવા લાગી.

રમણિકને દયા આવી. ખરેખર બિચારી દયાપાત્ર હતી. કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધલગ્નથી સમાજનું જે સત્યાનાશ વળે છે તે યુવાન જાણતો હતો. સંસારા સુધારામાં આગળ વધતું, સ્વરાજ્ય માગતું હિન્દુસ્થાન હજુ સાંસારિક ક્ષેત્રમાં કેટલું સડાવાળું છે તે નો વિચાર આવતાં યુવાન કમકમ્યો. પ્રાચીન આર્યાવર્તની ઝાંખી કલ્પના પણ અત્યારે આવી શકે તેમ ન્હોતું ! ગાર્ગી, સીતા, દમયંતી ને દ્રૌપદી ઇતિહાસના પૃષ્ઠોપરજ જોવાની ! રામ, યુધિષ્ઠીર, નળ, અભિમન્યુ અને ભિષ્મપિતામહના હવે સ્વપ્નાંજ જોવાનાં ! એમ થયું અને સમાજને માટે શોક થતાં એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો.

"બ્હેન ! તમે મૂઝાશો નહિ. આ બંગલો મ્હારા પિતાનો છે. મ્હારા માતાપિતા યાત્રાએ ગયાં છે. આવતી કાલે આવી પહોંચશે. હું તમારો ભાઇ છું એમજ માનજો. તમને મ્હારે ત્યાં કોઇ જાતની અડચણ પડશે નહિ."

"તમારો મોટો આભાર ભાઇ ! પ્રભુ તમારૂં કલ્યાણ કરો."

રમણિકે નોકરોને ઘરના માણસ પેઠે તારાની આજ્ઞા માનવાનો હુકમ કર્યો અને તારા રમણિકના કુટુંબની સ્ત્રી હોય તેમ બંગલામાં હરવાફરવા લાગી.



પ્રકરણ ૪ થું.

સ્નેહમંત્ર.

સન્ધ્યા થઇ. છ વાગ્યા. હજુ રમણિક રમાને ભૂલી શક્યો ન્હોતો. તેની મનોરમ મૂર્ત્તિ તેની આંખો સ્હામે તરવરતી હતી. તેનો શેકહૅન્ડ માટે લંબાયેલો કોમલ હાથ હજુ તેને ચમકાવતો હતો. રમાની આંખોમાંનું જાદુ હજુ તેને દિવાનો બનાવતું હતું !

ત્યારે શું રમા જાદુગર હતી? શું રમા કામણગારી હતી? રમાએ તેને અસ્વસ્થતા અને અશાન્તિનો વારસો સોંપ્યો હતો. રમાએ તેના નિત્યના આનન્દી સ્વભાવને ગમ્ભીર બનાવ્યો હતો. રમાએ તેના જીવનપર પ્રબળ અસર કરી હતી ! અને હવે યુવાનના હૃદયપટપર જાણે કોઈ દિવ્ય ભૂમિના સૂર્યનાં કિરણો પોતાનો પ્રકાશ પ્રસારતા હોય એમ તેને લાગ્યું. હવે એનું હૃદય પણ જોરથી ધબકવા લાગ્યું. એની આંખો રમાના દર્શનની તરસી બની. એનું હૃદય રમાની ઝંખના કરવા લાગ્યું. સ્કૉટ ને મીલ્ટન, શેલી ને શેકસપીઅર, કાલિદાસ ને ભવભૂતિ—એ બધા ફીક્કાફ્ચ જણાયા. દુનિયાનું રસપૂર્ણ કાવ્ય રમામાંજ શમાયેલું તેને જણાયું !

અને આ શું ? રમા તેને મળવા આવી. નાજુક હાથમાં નાજુક છત્રી ફેરવતી, આ કોઇ દિવ્યાંગના તેની સ્હામે આવી ઉભી રહી.

એજ મીઠો મોહક આકાર ! રાત્રિની રમા અને હમણાંની રમામાં ઘણો ફેર હતો. રાત્રિએ સાદી—સ્વર્ગની દેવી રમા હતી. અત્યારે સ્વર્ગની અપસરા હતી ! તેજ વ્હાલો કોમળ હાથ પાછો રમણિકની સ્હામે લાંબો થયો. રમણિકે તે વ્હાલથી પકડયો. અને બન્ને હાથમાં હાથ લઈ એક બીજા સ્હામે જોતાં એક પળ ઉભાં રહ્યાં ! રમણિકે યુવતાંની આંખોમાં પોતાની આંખો આબાદ પરોવી રમા શરમાઇ—નીચું જોયું. હજુ બન્નેના હાથો મળેલાજ હતા. યુવાન જરા વધુ સાહસિક થયો. પોતાના હાથમાંના કોમલ હાથ અધર સૂધી ઉંચકયો. રમા ચમકી. પણ હાથ ખેંચી લેવાની હિમ્મત ન રહી. યુવાને તે મધુર હાથપર ચુંબન લીધું. રમાના ગાલોપર યુવાનીની શરમની મોહક લાલી છવાઈ.

"બહાર ફરવા જશું ?" રમણિકે પૂછ્યું.

"હા."

બન્ને નીકળ્યાં. આજે બન્નેને સાથે ચાલવામાં—એકેકની વાત સાંભળવામાં કંઇ ઔર આનન્દ મળવા લાગ્યો. તેઓ હૅન્ગીંગ ગાર્ડનમાં આવ્યાં અને એક એકાન્ત પણ રમણિય સ્થલમાં એક બાંકપર બેઠાં.

ઉભય મૌન હતાં. જાણે કોણ વહેલું બોલે એવી પ્રતિજ્ઞા લીધી હોય તેમ ! આવી પ્રતિજ્ઞા ઘણા પ્રેમીઓ લે છે અને તેમાં પુરૂષ હૃદયને મૌન ભંગ કરવાની સ્ત્રીહૃદય ફરજ પાડે છે !

રમણિક બોલ્યો:

" રમા !... "

' રમા ' બોલતાં તો સીનીયર બી. એ. એટલો ગભરાયો કે, રમા પછી શું બોલવું તે પણ સમજી શક્યો નહિ.

"રમા ?..." પાછો તેનો તે ઉચ્ચાર ! બોલનાર મૂઝાય અને સાંભળનાર પણ મૂઝાય ! એક એકનાં મ્હો તરફ જુએ અને સંકોચ શરમથી દબાય ! કંઇક હસે અને પાછા મૂગા રહે !

વાંચનાર, આવી રમત કોઇ દહાડો જોઇ છે ? વસન્તસમીર ચુમ્બિત અર્ધવિકસિત ગુલાબકલિના અપૂર્વ લાવણ્ય કરતાં અમારી રમાના મધુર ઓષ્ઠોપર છવાતા હાસ્યની છટામાં અદ્ભુત સૌન્દર્ય હતું ! પંચમસ્વરી કોકિલાનો કંઠ રમાના એક મીઠા—પ્રેમ ભર્યા શબ્દ આગળ તૃણવત્ હતો ! ઝરમર ઝરમર વરસાદથી વર્ષા-ઋતુમાં સ્નાન કરી શુદ્ધ થતી ચંપાકલિની રમ્ય છટા, હેમન્ત ઋતુમાં ઠંડા દવથી ભીંજાયલી જાઇની મુગ્ધ કલિનું મુગ્ધત્વ, રમાના યૌ-વનની છટા આગળ પાણી ભરતું ! મૂગા રહેવામાં—એકમેકને મૂઝ-વવામાં અને પોતે મૂઝાવામાં પણ પ્રેમીઓને આનંદ મળે છે એ કથનનો રમા અને રમણિકે અત્યારે સાક્ષાત્કાર કર્યો !

"હું ત્હારો—" રમણિકની આંખો બોલી.

"હું ત્હારી" રમાના મૌન હૃદયે પ્રતિઘોષ કર્યો.

"અને આપણી મિત્રતા અતૂટ !—" બન્નેના હૃદય બોલી ઉઠ્યાં.

"મિસ રમા !—" રમણિક જેમ તેમ બોલ્યો. પણ રમાને "મિસ રમા" ગમ્યું નહિ. એને તો રમણિકની 'રમે,' 'રમા' થવું હતું.

"જીવનનો ખરો આનન્દ શેમાં હશે ?"

"સ્નેહાળ મિત્રના સ્નેહમાં."

"ત્યારે આપણે મિત્ર કહેવાઇએ ખરાં ?"

"શા માટે નહિ ? તમે ધારો તો આપણે બહુ ગાઢ મિત્રો થઇ શકીએ." રમાની આંખનો ચાળો મસ્તીખોર થયો ! રમણિક તદ્દન વશ થઇ ગયો ! એ સમજ્યો કે, હવે ધીમે ધીમે દુનિયામાં સ્વર્ગ ઉતરે છે !

"રમે !—"

રમાના હૃદયમાં અમૃત રેડાયું.

"આપણી મિત્રતા સુફલિત થશે ?"

"થશે. તમે ધારશો તો."

"આપણા વિચારો મળશે ?"

"મળશે અને જ્યાં વિરૂદ્ધતા આવશે ત્યાં આપણે સામ્ય જાળવી લઇશું."

"શાબાશ, મીઠી ! અત્યારથીજ તું દલીલ કરવામાં ઉસ્તાદ છે હો !"

"પણ તમારા જેવી નહિ ?" કહી રમાએ નેહબાણુ ફેંક્યું અને એવાં સ્નેહમિશ્રિત પણ અજેય નેહબાણો કોણુ પાછાં વાળી શક્યું છે ?

રમણિક પણ ઘાયલ થયો. અને એ ઘાયલ દર્દીની રમા 'નર્સ' બને તો દર્દીને દર્દની વેદના થાય ખરી ?

પ્રકરણ ૫ મું.

વિધવાને વળી ઘરમાં રખાય ?

રમણિક એક કૉલેજિયન હતો. તેના પિતા શ્રીકાન્ત શેઠ ગર્ભશ્રીમન્ત હોવાથી રમણિક જન્મથીજ બાગબગીચા, નોકર ચાકરની સાહ્યબીમાં ઉછર્યો હતો. શ્રીકાન્ત શેઠનાં પત્નિ ગંગા શેઠાણી તેમની છેક બાલ્યાવસ્થામાં તેમના માતાપિતાએ એમની કોટે વળગાડયાં હતાં ! શેઠાણી ચાર વર્ષનાં અને શેઠ છ વર્ષના હતાં ત્યારે એમના કાનમાં સપ્તપદીના પવિત્ર મંત્રો ફૂંકવામાં આવ્યાં હતાં અને તે વેળા ઉભય સ્હમજ્યાં હતાં કે, જીવતા ઢીંગલાઢીંગલી પરણ્યાં ! લગ્નને અંગે લલિત લ્હાવા ભોગવવા ઉપરાંત ગમ્ભીર ધર્મો બજાવવાનાં છે તેનું વરવધુને લેશ માત્ર ભાન ન્હોતું. ગંગા સમજી કે, હવે બાબુ (શ્રીકાન્તનું બાળનામ) તેનો ' વર ' થયો એટલે એની સાથ બોલાય નહિ, રમાય નહિ, એ રમે ત્યાં જવાય નહિ ને એનું નામ દેવાય નહિ ! જેની સાથ આખું જીવન ગાળવાનું તેનું નામ દેવાય નહિ ! !

વર્ષો વહ્યાં અને બાબુ બાબુ મટી શ્રીકાન્ત થયો. તે ભણ્યો, કેળવાયો. સમાજની-દેશની સ્થિતિ સમજ્યો. સુરેન્દ્રનાથ બેનરજી ને મદનમોહન માલવિયાનાં મહા મંત્રો તેને કાને પડયા. રવિન્દ્રનાથ ઠાકૂરનું "ગિતાંજલિ" ને સરોજની નંડુનું "ગોલ્ડન થ્રેશોલ્ડ" વાંચ્યું. પ્રાન્તિક પરિષદ્, પ્રજાકિય કૉન્ગ્રેસ, સાહિત્ય પરિષદ્ વિગેરેમાં રસ લેવા લાગ્યો. સાહિત્ય પરિષદ્‌માં આ વખતે કયો પ્રમુખ નીમાશે અને તે જોડણીના નિયમોને કયા પાતાળમાંથી શોધી લાવી સાહિત્યનું દારિદ્રય ફેડી નાખશે, તેમાં શ્રીકાન્ત રસ લેવા લાગ્યો. સરસ્વતીચન્દ્રની કુમુદ-કુસમની સરખામણી કરવા લાગ્યો. અને એની આશા વધી. એને મ્હોટા થવાનું-માન મેળવવાનું મન થયું. સમાજમાં આગળ પડયો. દરેક દેશોન્નતિના પ્રશ્નમાં ભાગ લેવા લાગ્યો. સમાજમાં એનું માન વધ્યું.

પણ આ બીજું એનું ગૃહજીવન તદ્દન અશાન્ત બન્યું. ગંગા અભણ હતી અને એના પિતાની એકની એક લાડકી કન્યા હોવાથી પંદર વર્ષ સૂધી અભણ માતાના સહવાસમાં મહારાજના દર્શન-

લોકોની નિંદા– બિભત્સ પ્રેમગીત, કૃષ્ણલીલા–માં જીવન ગાળ્યું હતું. એક ચોપડી ગુજરાતી ભણી હતી અને તેનો ઉપયોગ બસો બાવન વૈષ્ણવની વાર્તા વાંચવામાં કરતી. માતાએ ગુરૂમંત્ર આપ્યો હતો કે, ઘરમાં કંઇ કામ કરીશ નહિ. નોકરચાકરપર દમ રાખજે વિગેરે. એ ઘેર આવી અને પહેલી રાત પતિપત્નિ મળ્યાં. અંગ્રેજોનું 'હનિમુન' અહિંયા ન્હોતું. અહિયાં પ્રેમ કે પ્રેમની ઝાંખી ન્હોતી. શ્રીકાન્તે ઓરડીમાં પગ મૂકયો કે ગંગાએ આડું જોયું. વગર કારણે રીસાઇ અને મોતીની માગા આપો તોજ બોલું એમ કહ્યું. શ્રીકાન્તે નિઃશ્વાસ નાખ્યો. બળદ પણ ભાર ન ઝીલી શકે એટલા દાગીના ગંગાના શરીરપર હતા. છતાં આવી માગણી ! પિત પ્રથમ મીલનમાં કંઇ કંઈ મીઠી આશા રાખતો હોય તેવી વેળા એ તેના હૃદયમાં નિરાશાનો વન્હિ કેવી અસર કરે? શ્રીકાન્ત મનમાંજ બળી રહ્યો.

શ્રીકાન્તનાં માતાપિતા સ્વર્ગવાસી થયાં અને ગંગા શેઠાણી ગૃહરાજ્યનાં સ્વામિનિ થયાં. તેમની પદવી વધી અને શ્રીકાન્ત મુંઝાયો. હલકા નોકર ચાકરો સાથ ઠીઠીઠાઠા કરવી, અભણ ભટ સાથ વાતો કરતા કલાકો સુધી બેસી રહેવું, મહારાજને મંદિરે જઇ, સેંકડો રૂપિયાની ભેટ ધરવી–ગંગાના આ નિત્ય કર્મો હતાં. શ્રીકાન્ત આખરે કંટાળ્યો. એટલામાં ગંગાએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. શ્રીકાન્ત સમજુ હતો અને ગંગાના સહવાસમાં બાલક બગડશે એમ જાણતો હતો. તેથી એક સુશિક્ષિત દક્ષીણી બાઇને બાલકની નર્સ તરીકે રાખી અને તેણે રમણિકના હૃદયમાં બાલ્યાવસ્થાથીજ દેશભક્તિના બીજ વાવ્યાં!

શ્રીકાન્ત શેઠની આવી સ્થિતિ હતી. એ સુધરેલા અને એમનાં પત્નિ કુધરેલાં ! ! મહારાજોના મન્દિર તરફ શ્રીકાન્ત ઝાંખીને જુએ પણ નહિ, એમના પત્નિ મંગળા–રાજભોગ–માહાભોગ, શયન, બધી વેળા સાચવે. રમણિક મ્હોટો થયો. અને ગંગાને યાત્રા કરી જીવન સફલ કરવાનું મન થયું. શ્રીકાન્તને શરણ થયા વિના છૂટકોજ ન્હોતો. ગંગા અને શ્રીકાન્ત યાત્રાએ ગયાં અને આળસુ સાધુઓ અને દેશને ભારરૂપ ભીખારીઓને લાડુ ને ગાંઠીયા ખવડાવી જીંદગીને પવિત્ર બનાવી પાછા ફર્યાં !

ગંગા અને શ્રીકાન્ત યાત્રાએથી પાછા ફર્યાં. દરવાજામાં પગ મૂકતાંજ ગંગાએ પોતાના પુત્રને એક યુવાન-રૂપાળી તરૂણી સાથ વરંડામાં વાત કરતો જોયો. યુવતીનું વય અઢારેક વર્ષનું-સુન્દર-આકર્ષક-એટલે ગંગાનો મીજાજ ગયો. એ યાત્રાથી હમણાંજ પાછી ફરી હતી. એટલે એને પવિત્રતા માટે બહુજ અભિમાન હતું. ત્યાં મંગળાચરણમાં-ઘરમાં પેસતાંજ પોતાના પુત્રને એક ફાંકડી છોકરી સાથ હસી હસીને વાત કરતો જોયો. એટલે એના વૈષ્ણવ મગજમાં એક જાતનું વ્હારૂં ભરાઇ આવ્યું અને રમણિકની પાસે જઇ, તેનો હાથ પકડી ધમકાવતી હોય તેમ પૂછ્યું.

"આ કોણ છે ?"

"આ કોણ છે ?" એટલા ન્હાના વાકયમાં ગંગાએ અમલદારી તોર આણ્યો. રમણિકે આવું અપમાન કોઇ દિવસ સહન કર્યું ન્હોતું. તે પવિત્ર હૃદયે, તારા સાથ વાત કરતો હતો. તારાને તેણે નિઃસ્વાર્થ ભાવે એક દુઃખી વિધવા જાણીને ઉગારી આશરો આપ્યો હતો. પૃથ્વીમાં એનું નામ સુવર્ણાંકિત થવું જોઇએ. કારણ એણે એક જીવને ઉગારવા માટે, પોતાનો પ્રાણ જોખમમાં નાખ્યો હતો. એના વીરત્વ માટે એની દયાળુ ઉન્નત ભાવના માટે એને અભિનન્દન આપવાની વાત તો બાજુએ રહી. પણ જાણે એણે કેવું એક મહાન પાપ કર્યું હોય તેમ તથા જાણે તે પેલી તરૂણી સાથ વાત કરવામાં કંઇ ભયંકર ગુન્હો કરતો હોય તેમ ગંગા શેઠાણીએ "આ કોણ છે ?" નો પહેલો ગોળો ફેંકી તારાને ધમકાવી અને રમણિકને દબાવ્યો. રમણિક દૃઢ હતો. માતાને માન આપવું એ માનતો પણ માતાની અભણ દશાની દરકાર કરવાથી પોતાને હાનિ છે એ પણ સારી પેઠે સમજતો.

"એ મારી દુઃખી બહેન છે. તમે ઘરમાં જઇ આરામ લો. મુસાફરીથી થાકી ગયાં હશો.' રમણિકે કહ્યું. અને ગંગા ઉંધુંજ સમજી. એક તો તેની નજર આગળ તારા સાથ રમણિકે હસીને વાત કરી અને હવે તેને એ બહેન કહે એ અપરાધ ગંગાને મન અક્ષમ્ય ગણાગો ।

"મુઆ! તું છેકજ ફાટી ગયો છે. એ ત્હારી ક્યારની બ્હેન?"

"બા! તું બહુ ખોટું કરે છે. એ એક દુઃખી વિધવા છે. એને મેં આપઘાત કરતાં બચાવી હતી. હવે એ આપણે ઘેર રહેશે."

"વિધવા! આપઘાત કરતી હતી! નક્કી દાળમાં કંઈ કાળું હશે! એની તને કેમ દયા આવી? તું કંઈ એનો સગો છે?"

"સગો કેમ નહિ? આપણે બધાં એકજ પ્રભુનાં બાળકો છીએ."

"ત્હારૂં ડહાપણ ત્હારી પાસે રહેવા દે. નહિ ચાલે એ ભ્રષ્ટાચાર મ્હારા ઘરમાં." કહી ગંગાએ તારાને બે ચાર ગાળો ચોપડી. એટલામાં શ્રીકાન્ત શેઠ આવ્યા. રમણિકે તારાની અથ ઇતિ કહી અને શેઠને પુત્રને માટે માન ઉપજ્યું. પત્નિને જેમ તેમ સમજાવી શ્રીકાન્ત શેઠ ઘરમાં ગયા.

બીજે દિવસે ગંગાએ જાણ્યું કે તારા ગર્ભવતી છે. એક ગર્ભવતી વિધવા પોતાના ઘરમાં છે તેથી પોતાનું ઘર અભડાઇ જાય છે—અપવિત્ર થાય છે—એવો શોરબકોર ગંગાએ કરી મૂકયો. શ્રીકાન્ત અને રમણિક બન્નેની ઝાટકણી કાઢી.


"તમે અંગ્રેજી ભણ્યા એટલે નહિ ધરમની દરકાર કે નહિ કંઇ. એવું હું કદી ચાલવા દેવાની નથી. મારા ઘરમાં એ રાંડને એક પળ પણ ન રહેવા દઉં-ચાલ, નીકળ અહિંથી. વિધવાને વળી ઘરમાં રખાય?"

તારાની સ્થિતિ દયાજનક થઇ પડી. કૃતજ્ઞ નયને, તેણે રમણિક તરફ જોયું. તેની સુન્દર મોહક આંખોમાંથી આંસુના બિન્દુઓ ટપકાા લાગ્યાં અને રમણિકને કંઇ કંઇ થઇ ગયું.

"તમે ગભરાવ ના, તારા બહેન! હું મારા પ્રાણના ભોગે પણ તમારૂં રક્ષણ કરીશ."

રમણિકના આશ્વાસનથી તારા કંઇક શાન્ત થઇ થોડીક વાર પછી પિતા પુત્ર મળ્યા અને તારાને એક દાસી સાથ સુખેથી જીવન ગાળવાની રમણિકે ગોઠવણ કરી આપી. તારા ત્યાં સુખી થઇ. તેણે

એક પુત્રીને જન્મ આપ્યો. રમણિક તેને પિતાની સંમતિથી આર્થિક સહાય કરતો. તારા થોડુંક ભણી હતી. સ્ત્રીઓના કલાસમાં જઇ તેણે અભ્યાસ વધાર્યો. ભરવા ગુંથવા—સીવવાનું શીખી એ પૈસા કમાતી થઇ અને શાન્તિમાં માનભર્યું જીવન ગાળવા લાગી.



પ્રકરણ ૬ ઠું.

મસ્તીખોર માશૂક !

તારાને રમણિકે જૂદી રાખી. અને ગંગા પોતાનો કાયદો અમલમાં મૂકાયેલો જોઇ મલકાઇ. એને એનો વિજય થાય ત્યારે અપાર આનન્દ થતો.

હવે એને લાગ્યું કે, પુત્ર પરણાવવા યોગ્ય થયો છે. રમણિક જેવા કેળવાયેલા, શ્રીમન્ત યુવાન માટે કન્યાનો શું તોટો હોય? ગંગાએ પોતાના પુત્રને પરણાવવાનું ધાર્યું ત્યાર પછી એ કલાકમાં બસો માબાપો ગંગાને વિનવવા આવ્યા. પણ કોઇની "પીટીશન" પર ગંગાની કોર્ટે ધ્યાન આપ્યું નહિ. અન્તે એક અભણ—વેવલી જેવી-પ્રેમલી, કૂવા, અને જોતાં વાર છોકરાંઓ બ્હી જાય એવી કન્યાને ગંગાએ પસંદ કરી કૃતાર્થ કરી. આ કન્યાને પસંદ કરવાના ઘણાં કારણો હતાં. એક તો તેના માબાપ જૂના વિચારના—ગંગાના સંઘના હતા. બીજું કન્યા અભણ હતી એટલે સાસુપર રૉબ મારે તેવી ન્હોતી અને વળી તેના માબાપે ગંગાની હાથેપગે લાગી ખુશામત કરી હતી એટલે પુત્રના ભાવષ્યની, પુત્રની આશા, પુત્રની પસંદગીની કશી જરૂરિયાત ન સ્વીકારનારી હઠીલી—અભણ માતાએ એજ વેવલી છોકરી રમણિકને પરણાવવાનો વિચાર કર્યો.

આ વાત શ્રીકાન્તને કાને આવી ને તે છેડાયો. ગંગાને ઘણા

ને બાજુ ગંગા હતી! તેને પતિની-પુત્રની દરકારજ નહોતી. પોતાના કુળમાં "આવી હીરા જેવી વહુ" લાવવા તે તદ્દન તૈયાર થઇ ચૂકી હતી હતી. આથી ઘરમાં હોળી સળગી અને શ્રીકાન્ત તથા રમણિક ઉભય ગંગાના કલહથી કંટાળ્યા.

આ વાત રમણિકે રમાને કહી. રમા પણ દુઃખી થઇ.

"વ્હાલા! આવું ઘણા કુંટુંબોમાં બનતું હશે!"

"જ્યાં કેળવણી ન હોય ત્યાં કલહ થાય એ સ્વાભાવિકજ છે. એમાં મારી માતાનો દોષ નથી. પણ તેની અભણદશાનો છે."

"તમારા પિતા આપણા લગ્નમાં સંમત છે"

"હા."

"તો આપણે આર્ય સમાજ દ્વારા લગ્ન કરી લઇએ?"

"હા. હું પિતાને પૂછીશ."

શ્રીકાન્ત આ વાતમાં સંમત થયો. નટવરલાલને શ્રીકાન્તની સંમતિથી રમણિકના રમા સાથ લગ્ન થયાં અને પ્રેમીઓ સ્વર્ગ પામ્યાં; છતાં અજાયબી એ હતી કે, આ વાતની ગંગાને બિલકૂલ ખબરજ ન પડી. ચાર પાંચ જણાની હાજરીમાંજ આ લગ્ન થયાં.

બીજે દિવસે રમણિકે જાણી જોઇ માતા પાસે લગ્નની વાત કાઢી. ગંગાએ પોતાનો વિચાર ફેરવવાની સાફ ના પાડી અને રમણિકે પોતે જૂદો રહેશે એવી ધમકી આપી. પણ ગંગા જેનું નામ! તેણે પોતાની હઠ છોડી નહિ.

શ્રીકાન્તની પરવાનગીથી રમણિક એક બીજા બંગલામાં રહ્યો. ત્યાં રમા પણ આવી અને આ વાતની જ્યારે ગંગાને ખબર પડી ત્યારે તેણે આકાશપાતાળ એક કરી નાખ્યાં. પણ હવે શું કરે?

એક મહિના સૂધી ચાલુ યુદ્ધ કરી તે શાન્ત થઇ.

× × × ×

રમા અને રમણિક પરણ્યા પછી આજે પહેલી રાત હતી. ઉભય પ્રેમી હતાં. કેળવાયેલાં હતાં. એટલે રમાએ પોતાની રસિકતાનો

સમ્પૂર્ણ ઉપયોગ કરવાનો વિચાર કર્યો હતો. પ્રેમીઓને અગાસીમાં બેસવા માટે ખુરશી–રાઉન્ડ ટેબલ–ને રાઉન્ડ ટેબલપર પુષ્પોના ગુચ્છ મૂક્યાં હતાં. પલંગપર પણ પુષ્પની ચાદર બીછાવી હતી. જ્યાં ત્યાં ઝાકઝમાટ થઇ રહ્યો હતો અને જાણે પૃથ્વીપર ઇંદ્રભુવન ઉતર્યું હોય તેવું લાગતું.

રમા પોતે પણ આજે સૌન્દર્યથી મઢાઇ ગઇ હતી. એણે આજે ગુલાબી સાડીપર બ્લુ રંગની . ફુલકા ચોળી પહેરી હતી. ગળામાં નાજુક મોતીનો નેકલેસ અને હાથમાં બબ્બે રત્નજડિત બંગડીઓ હતી. સુન્દર કાળાં–રેશમી વાળના ગુચ્છામાં ચમેલીના ફુલની બહેકબહેક કરતી વેણી શોભતી હતી. યુવતીએ અર્વાચીન યુરોપની ફેશનને પ્રાચીન હિન્દુસ્થાન સાથ સંકલિત કરી, હાથ પગના નખો મેંદીથી રંગ્યા હતાં. એનું ગૌર ભરાઉ વદન, ગાલપર યુવાનીની તાજી રાતી સુરખી, નાજુક ગરદન અને કમલ દાંડી જેવા હાથો મોટા મોટા મુનીના સંયમને ચળાવે તેવા હતા. એનો અસ્ફૂટ સ્ફૂટ કુચપ્રદેશ એના વ્હાલમને વશ કરવા તૈયાર થઇ રહ્યો હતો અને એની કાળી–મોહક જાદુઇ આંખોમાંથી આજે જાદુ ઝરતું હતું.

રાત પડી અને ચંદ્ર આકાશમાં ઉગ્યો. પણ આજે આકાશમાં વિહાર કરતાં તે ડરતો હતો કારણ એક ચંદ્રમુખી તેના ગર્વનું ખંડન કરવાને હાથમાં પુષ્પનો હાર લઇ અગાસીમાં ઉભી હતી ! નવ વાગે રમણિક ઉપર ગયો અને એની વ્હાલી રમા દાદરપર અવાજ સાંભળી સંતાઇ ગઇ. રમણિક ઉપર આવ્યો તો પ્રિયતમા ન જોઇ.

"અરે ! હજુ કેમ ન આવી ?–ચાલ, હુંજ તેડી લાવું–" કહી પાછો ફર્યો. એટલામાં તો રમા હળવે પગે પાછળથી આવી ને તેની આંખો દબાવી ઉભી રહી.

"એ તો હવે પકડાઈ ગઈ ! મસ્તીખોર, છોડી દે મને !–"

"એમ તે કંઇ છોડાય ? ચોરી કરવા આવેલો ચોર પકડાય તો તેને કોઇ છોડે ખરૂં ?"

"નહિ છોડે એમ! તો ભલે. તારા આ કોમળ હાથો મારી આંખપર દબાઇ રહેશે તો પણ મને તો આનંદજ મળવાનો."

રમાએ હાથ દૂર કર્યા અને વ્હાલમના ગળામાં એક હાથ નાંખી ખુરશી પાસે લઇ આવી. ત્યાર પછી પુષ્પહાર પહેરાવી, પ્રિયતમના નયનમાં નયન મીલાવી એક પળ સ્તબ્ધ રહી.

"હવે તું તારી મસ્તી છોડશે?"

"મેં શું મસ્તી કરી, વ્હાલા? તમારા તરફ જોઉં પણ નહિ એમ?"

પ્રિયતમાને પોતાની ગોદમાં ખેંચી, તેના મોહક અધરપર વ્હાલથી ચુમ્બન કરતા રમણિક બોલ્યોઃ

"મસ્તીખોર! આટલી બધી મસ્તી કરતાં તું ક્યારે શીખી?"

"તમને જોઇને વળી!–"

રમા સ્નેહમત્ત નયને પ્રિયતમને જોઇ રહી. અને રમણિક પોતે જગતમાં છે એ વાત તદન ભૂલી ગયો!

(સમ્પૂર્ણ)

છપાય છે ! છપાય છે !

નવલકથાઓની મહારાણી.

જગપ્રસિદ્ધ નવલકથાકાર મી૦ જ્યોર્જ વિલિયમ રેનોલ્ડસની

મિસ્ટ્રીઝ ઑફ ધી કોર્ટ ઑફ લંડન

માંના

અદ્‌ભુત અને આશ્ચર્યચકિત કરનારા અનહદ રસથી ભરેલા ભયંકર ઘોટાળાઓ ઇંગ્લાંડના ઉમરાવ કુળના કાવતરાં, ત્યાંના લૂંટારાઓ, બદમાસો, તથા ડિટેકટીવોના

દંગ કરી નાખનારા પરાક્રમો.

આખી દુનિયામાં આવી વાર્તા હજુ સુધી

બહાર પડી નથી.

દરેક ગુજરાતી જાણનારાએ આ માલાના ગ્રાહક થઇ, દુનિયાના મહાન્ નૉવેલીસ્ટની ઉત્તમ નવલકથા વાચવીજ જોઇએ.

દરેક ભાગની કિમ્મત ફક્ત બે આના.

અગાળથી નામ નોંધાવો,

વસન્ત એન્ડ કુમ્પની,

પાર્વતી મૅન્શન, ગ્રાન્ટરોડ, મુંબઇ.

છૂટક વેચનારા પ્રમાણિક એજન્ટો જોઇએ છે.

સ્ત્રીઓની સુંદરતા શામાં છે?

કાળા-રેશમ જેવા-ચળકતા વાળોમાં છે ચ

તેવા વાળ બનાવવા માટે-

કામિનીઆ ઑઇલ.

(રજીસ્ટર્ડ)



એ એક જગપ્રસિદ્ધ અને સ્ત્રીઓનું માનીતું, સુગંધિથી ભરપુર તેલ છે. આ બાળકોને માટે પણ એક સરખું અને ઘણુંજ ઉપયોગી અને ફાયદાકારક છે.

તે ખરી પડતા વાળોને અટકાવી મજબુત બનાવે છે, મગજને શાન્ત રાખે છે, તે સુગંધમય ખુશબો આપે છે અને બાલ સાફ કરવા માટે તે મનોરંજક તેલ છે. ગુણોથી તે જગતનું જાણીતું અને માનીતું તેલ થઇ હોવાથીજ સ્ત્રીઓના મુખ્ય શૃંગારરૂપ મનાય છે.

તમારા વાળને માટે તેલ ખરીદતી વખતે દુકા પાસેથી કામિનીઆ ઑઇલજ માગજો.

કિં. શીશી ૧ ના રૂ. ૧) વી. પી. ખર્ચ રૂ. જુદું. ૩ શીશીના રૂ. ૨-૧૦-૦ વી. પી. ખર્ચ ૦-૭-૦

લખોઃ--

ધી એંગ્લો ઇન્ડિયન ડ્રગ એન્ડ કેમિકલ

જુમામસજીદ—મુ